**સીસીટીવી કેમેરા મહત્વની કડી રૂપ હોવાનું દૃષ્ટાંત આપતો કિસ્સો**

# કોબા સર્કલ પાસે બાળકના અપહરણના કોલથી દોડધામ

**સીસીટીવીની મદદથી પોલીસે ત્રણ જ કલાકમાં વડોદરાથી ગાડી આંચકી લીધી : બાળકને બળજબરીથી ગાડીમાં બેસાડતા જોઈ જાગૃત નાગરીકે કંટ્રોલમાં ફોન કર્યો હતો : ઉતાવળ હોવાથી પિતાએ જ દિકરાને ઝડપથી બેસાડયો હોવાનું ખુલતા હાશકારો**

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર નજીકના કોબા પાસે સ્થિત રાજધાની હોટલની સામેથી એક બાળકનું અપહરણ કરીને બ્લ્યુ કલરની ઈકો ગાડી અમદાવાદ તરફ ભાગી હોવાનો કોલ ગઈ સાંજે સાડા સાતે ગાંધીનગર પોલીસ કંટ્રોલમાં એક જાગૃત નાગરીકનો આવ્યો હતો. આ મેસેજને ગંભીરતાથી લઈને ઈન્ચાર્જ રેન્જ આઈજીપી આર.બી. બ્રહ્મભટ્ટની સુચનાથી અપહ્યુત બાળક સાથે ઈકોમાં આવેલ અપહરણકારને લોકેટ કરવા ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમ દોડતી થઈ ગઈ હતી. ત્રણ જ કલાકમાં છેક વડોદરા પાસેથી ઈકો ગાડીને ગાંધીનગર પોલીસે આંતરી લીધી હતી. જો કે ઉતાવળ હોવાથી દિકરાને તેના પિતા જ ઝડપથી બેસાડીને રાજધાની હોટલ પાસેથી લઈને નીકળ્યા હોવાનું ખુલતા પોસીસે પણ હાંશકારો અનુભવ્યો હતો. મહત્વની બાબત પોલીસે દાખવેલી ગુનાની ગંભીરતા ઉપરાંત આ કિસ્સો જાહેર માર્ગો પર તથા ખાનગી સરકારી એકમો પર લગાડેલા સીસીટીવી કેમેરા ક્રાઈમને ડીટેકટ કરવા કેટલા મદદરૂપ તથા કડીરૂપ સાબિત થાય છે તે દર્શાવે છે.

મળતી વિગત મુજબ ગઈ સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં એક જાગૃત નાગરીકનો ગાંધીનગર પોલીસ કંટ્રોલને કોલ આવ્યો હતો કે રાજધાની હોટલ પાસેથી એક નાના છોકરાનું કોઈ શખ્સો અહરણ કરીને મહારાષ્ટ્ર પાસીંગની બ્લ્યુ ઈકો કારમાં લઈ ભાગ્યા છે. ગાંધીનગર પોલીસે તાત્કાલીક એલર્ટ આપીને ટીમોને દોડતી કરી દીધી હતી તે ઉપરાંત ટોલ પ્લાઝામાં પણ મેસેજ પાસ કરી સીસીટીવી ચેકીંગ શરુ કરી દીધા હતા. અમદાવાદ-વડોદરા એકસપ્રેસ હાઈવે પરથી આ ગાડી રાત્રે ૧૦.૪૦ કલાકે પસાર થઈ હોવાનું જાણવા મળતા ટીમે વડોદરા પોલીસને પણ જાણ કરી દીધી હતી. અને વડોદરા સીટી ક્રાઈમની ટીમની મદદથી સાડા દશ વાગ્યે ગાડીને વડોદરા ટોલ પ્લાઝાથી આંતરી લેવામાં આવી હતી. ત્રણ કલાકમાં પકડી પાડેલી ગાડીમાં તપાસ કરતાં બાળક બેઠેલું દેખાયું હતું. તપાસ કરતાં બહાર આવ્યું કે તેનું અપહરણ નહીં પરંતુ જલદીથી બેસાડીને તેના પિતા જ ગાંધીનગરથી લઈ ગયા હતાં. પોલીસ અને કંટ્રોલમાં કોલ કરનાર નાગરીકની સતર્કતા બિરદાવવા લાયક છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

ઠંડીનું મોજુ - શિયાળાની સાંજે વડીલો શીતલહરમાં પણ બાંકડે બેસી ચર્ચાઓ કરતા હોય છે... ઠંડીની સીધી અસર વડીલોના પહેરવેશ ઉપર પડે છે... સાંજે પાંચ વાગ્યાથી જ ધીમે ધીમે ઠંડી વધતા વડીલો અગાઉથી જ ગરમ વસ્ત્રો પરિધાન કરી બાંકડે સમુહમાં બેસીને અવનવી ચર્ચાઓ કરતા હોય છે... ધર્મ અને રાજકારણ એ ચર્ચાના મુખ્ય વિષયો બનતા હોય છે... વડીલોની સભા માણવા જેવી હોય છે અને જેમાંથી જાણવાનું પણ ખૂબ મળે છે...

# જિલ્લામાંથી ૪૫૪૯૩ વિદ્યાર્થીઓ ધો-૧૦ અને ધો-૧૨ની બોર્ડ પરીક્ષા આપશે

**ધો-૧૦માં ૩૧૭૦૯ અને ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૩૭૮૪ વિદ્યાર્થીઓ નોંધાયા**

ગાંધીનગર, તા.૧૩

આગામી માર્ચ મહિનામાં લેવાનારી ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષામાં જિલ્લામાંથી ૪૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ધો-૧૦માં બોર્ડની પરીક્ષા માટે ૩૧૭૦૪ વિદ્યાર્થીઓ નોંધાયા છે જયારે ધો-૧૨ સામાન્ય પ્રવાહમાંપણ ૧૩૭૮૪ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજરી આપશે.

ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાના દિવસો નજીક આવી રહ્યા છે. પરીક્ષાના આડે હવે માત્ર દોઢ મહીનાનો સમય બાકી છે ત્યારે વિદ્યાર્થીઓ પણ પરિણામલક્ષી તૈયારીમાં વ્યસ્ત જોવા મળે છે. આગામી માર્ચ મહીનામાં લેવાનારી ધો-૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષામાં જિલ્લાના ૪૫૪૯૩ વિદ્યાર્થીઓ હાજરી આપશે. ગુજરાત રાજય

● અનુસંધાન પાન-૭ પર

# ફાયર બ્રિગેડને બંદોબસ્ત કોલ બમણાં થઈ ગયા

**વર્ષ-૨૦૧૩ની સરખામણીમાં ૨૦૧૪માં બચાવકોલ ઘટ્યા જ્યારે આગના કોલ અને બંદોબસ્ત કોલ વધ્યા : ગાંધીનગર ફાયર બ્રિગેડે એક વર્ષમાં ૪૩૯ બંદોબસ્ત કર્યા**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર ફાયરબ્રિગેડને ગત વર્ષની સરખામણીમાં વર્ષ-૨૦૧૪ દરમ્યાન બંદોબસ્તના કોલ બમણા મળ્યા હતા. ગાંધીનગરમાં યોજાયેલા વિવિધ કાર્યક્રમો, વિધાનસભા, હેલીપેડ સહિત વર્ષભરમાં ફાયરબ્રિગેડે ૪૩૯ બંદોબસ્ત કર્યા હતા જે વર્ષ-૨૦૧૩માં ૨૮૯ હતા. તે ઉપરાંત આગના કોલ ગત વર્ષની સરખામણીએ સરેરાશ સરખા આવ્યા હતા. જ્યારે બચાવ કોલ ઓછા આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

ગાંધીનગર શહેરમાં વિવિધ કાર્યક્રમોના આયોજનો, વીવીઆઈપીના આગમન, મોટી-મોટી ઈવેન્ટ્સ વધવા લાગી છે. જે તમામમાં ફાયરબ્રિગેડ બંદોબસ્ત મુકવામાં આવે છે. વર્ષ-૨૦૧૩ની સરખામણીમાં ૨૦૧૪ દરમ્યાન આવા કાર્યક્રમો તથા પ્રધાનમંત્રીથી માંડીને વીવીઆઈપી મહાનુભાવો અને અભિનેતાઓના આગમન વધુ થયા હતા. તે ઉપરાંત વિધાનસભા અને હેલીપેડ ખાતે પણ ફાયરબ્રિગેડને બંદોબસ્તમાં રાખવામાં આવે છે. જેને પગલે ૨૦૧૪માં બંદોબસ્ત કોલ વર્ષ-૨૦૧૩ની સરખામણીમાં બમણા થઈ ગયા હતા. વર્ષ-૨૦૧૩માં શહેરમાં ૧૦૭, શહેર બહાર ૫૩, વિધાનસભામાં ૩૨ અને હેલીપેડમાં ૯૫ બંદોબસ્ત કોલ મળીને કુલ ૨૮૯ બંદોબસ્ત થયા હતા. જે વધીને ૨૦૧૪માં શહેરમાં ૧૭૨, શહેર બહાર ૧૩૪, વિધાનસભામાં ૨૫

● અનુસંધાન પાન-૭ પર

## ટુંકી મુદતની જાહેર નિવિદા વર્ષ : ૨૦૧૪-૧૫

જિલ્લા પંચાયત, ગાંધીનગર, સેક્ટર-૧૭, પશુપાલન શાખા (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૫૦) માટે અંબોડ ખાતે યોજાનાર અશ્વ-શૉ અને કેમ્પ સારૂ નીચે દર્શાવેલ દવા/સાધનોના ભાવો રૂબરૂમાં કચેરીને મોડામાં મોડા તા. ૨૭/૧/૨૦૧૫ સવારે ૧૧:૦૦ કલાક સુધીમાં બંધ કવરમાં મદદનીશ પશુપાલન નિયામકશ્રી, પશુપાલન શાખા, જિ.પં.ને મળે તે રીતે મોકલી આપવાના રહેશે.

| દવાનું નામ/સાધનનું નામ | દવાનું નામ/સાધનનું નામ |
|---|---|
| INJ N.S. 500 ml | BOLUS Ciflox TZ 4 s |
| INJ D.N.S. 500 ml | INJ BERENIL (R.T.U.) 90 ml |
| INJ RINTOZ 500 ml | INJ TRIBIVET 100 ml |
| INJ DEXONA 5 ml | INJ BELAMYL 100 ml |
| INJ AVIL 30 ml | INJ XYLAZINE 30 ml |
| INJ MEGLUDYNE 20 ml | INJ KETAMINE (50 mg) 10 ml |
| INJ TETANUS TOXOID 10 ml | Topiqure Spre (60 ml) |
| INJ ISOFLUD 10 ml | LYRAMICINE TUBE 20 gm |
| ISOPROPYL ALCOHOL 100 ml | BOLUS LIV - 52 4 s |
| INJ R.C. Forte (4.5 gm) | INJ ENROCINE 100 ml |
| INJ O.T.C. (Terramycine P fizer) 100 ml | BOLOUS FIGHTER 1.5 gm |
| INJ Melonex 100 ml | BOLOUS FIGHTER 3 gm |
| INJ Vetalgin 30 ml | BOLOUS MELONEX 4s |
| INJ Spasmovet 30 ml | TINCTURE IODINE 500 ml |
| INJ LASIX (Raydme) 10 ml (frusemide) | IV SETLONG |
| BOLUS bio bust 4 s | DIGITAL THERMOMETER |
| INJ WATER FOR INJ. 50 ml | INJ LINGOCAINE 30 ml |
| INJ ATROPINE SULPHATE 100 ml | TINCTURE BENZOINE 500 ml |
| STERICLINZ Liq. | INJ D.C. 2.5 gm |
| Powder equimine 1 kg | |

સહી/-
મદદનીશ પશુપાલન નિયામક
જિલ્લા પંચાયત, ગાંધીનગર

## બેંક મિત્ર કો-ઓર્ડીનેટરની જગ્યા ભરવા માટે

દેના બેંક, ગાંધીનગર ઝોન અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા (HQ), વિજયનગર તથા ઈડર તાલુકા માટે બેંક મિત્ર કો-ઓર્ડીનેટરની એક જગ્યા તદ્દન હંગામી ધોરણે ભરવાની હોઈ નીચેની લાયકાત ધરાવતા ઉમેદવારે નિયત અરજી ફોર્મ મેળવી તા. ૨૯/૧/૨૦૧૫ સુધીમાં નીચે દર્શાવેલ કાર્યાલયમાં મોકલવાનું રહેશે.

૧. ઉમેદવારનો ૧૦ વર્ષનો સંતોષકારક બેંકીંગ અનુભવ તથા સારૂ હેલ્થ ધરાવતો હોવો જોઈએ.
૨. પગાર માસિક રૂ. ૧૦,૦૦૦ (ફીક્સ) તથા રૂ. ૨૦૦૦ કન્વેયન્સ રહેશે.
૩. ઉમેદવારની આખરી પસંદગીનો સંપૂર્ણ અધિકાર બેંકના સક્ષમ અધિકારીશ્રીનો રહેશે.
૪. વધુ વિગત માટે દેનાબેંકની ઝોનલ ઓફીસનો સંપર્ક કરવો.

**ઝોનલ મેનેજરશ્રી**
**દેનાબેંક - ઝોનલ ઓફીસ, સેક્ટર-૧૬, ગાંધીનગર.**
**ફોન : ૦૭૯-૨૩૨૨૦૧૪૪,૧૫૪**

# માતૃભાષામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ શૈક્ષણિક ક્ષેત્રે મોખરે

**કડી યુનિવર્સિટીના કુ. ચેતના અરૂણ બૂચે આ વિષય પર મહાશોધ નિબંધ તૈયાર કરી પી.એચ.ડી.ની પદવી મેળવી : અંગ્રેજી મીડીયમમાં ભણવાનો ક્રેઝ પરંતુ પાયો પાકો ગુજરાતીમાં જ થાય**

ગાંધીનગર, તા.૨૧

બાળકનું હસવાનું-રડવાનું અને સ્વપ્ન જોવાનું સહજ રીતે ગુજરાતી ભાષામાં જ હોય છે. આજના સ્પર્ધાત્મક શિક્ષણના યુગમાં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરવાની એક પ્રકારની ઘેલછા પ્રબળ બની છે. અંગ્રેજી મીડીયમમાં અભ્યાસ કરવાનો ક્રેઝ વધ્યો છે. ઘરેલું વાતાવરણ અને ઉછેર કાંઈક અલગ હોવા છતાં સમાજમાં અંગ્રેજી મીડીયમમાં ભણવાનો વિષય જાણે હવે સ્ટેટસ સિમ્બોલ સમાન બની ગયો છે. પરંતુ અંગ્રેજી મીડીયમ કરતા ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉંચી શૈક્ષણિક સિધ્ધિ હાંસલ કરતા હોવાનું પ્રકાશમાં આવ્યું છે. સે-૨૩ કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાંથી પીએચડીની પદવી પ્રાપ્ત કરનાર કુ. ચેતના અરૂણ બૂચે આ વિષય અન્વયે કરેલા સંશોધનના અંતે રસપ્રદ તારણો બહાર આવ્યા છે. તેમણે 'એ કમ્પેરેટીવ સ્ટડી ઓફ સ્કોલેસ્ટીક એચિવમેન્ટ ઓફ સ્કુલ સ્ટુડન્સ ઓફ ગુજરાત સ્ટેટ સ્ટડીંગ ઈન ગુજરાતી એન્ડ ઈંગ્લીશ મીડીયમ' વિષય અંગે સંશોધન કરી માધ્યમ આધારિત બનતા આજના વિદ્યાર્થીઓએ કેમ અને શા માટે કયા



● અનુસંધાન પાન-૭ પર

Swachh Bharat
Ek Kadam Swachhata Ki Aur

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન




સરકાર આપે છે સહાય, બનાવો તમારા ઘરમાં શૌચાલય
સંપર્ક કરો : ગ્રામ પંચાયત / તલાટી
ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા જનહિતમાં પ્રકાશિત

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com